
## વડીલોને વંદન
## અભિનંદન



દિલીપકુમાર જયંતિલાલ તલાટી (૧૯૩૪)ફોનઃ ૨૩૨૨૪૮૪૪



લાલજીભાઈ જગમાલભાઈ ટાંક (૧૯૩૧)ફોનઃ ૨૩૨૨૪૩૫૯

### ગુજરાત યુનિવર્સિટીની સિન્ડીકેટ બેઠક યોજાઈ

# રૂપિયા ૮૮ કરોડના ખર્ચવાળું યુનિનું બજેટ મંજુર કરી દેવાયુ

### યુનિવર્સિટીના કુલપતિ તરીકે આદેશપાલની નિયુક્તિ બાદ પ્રથમ વખત જ યુનિવર્સિટી સિન્ડીકેટની મિટિંગ યોજાઈ

અમદાવાદ, તા.૧૫

ગુજરાત યુનિવર્સિટીના કુલપતિ તરીકે આદેશપાલની નિયુક્તિ બાદ આજે પ્રથમ વખત યુનિવર્સિટી સિન્ડીકેટની બેઠક મળી હતી. જેનાં વર્ષ ૨૦૧૩-૧૪ માટે ગુજરાત યુનિવર્સિટીનું રૂપિયા ૮૮ કરોડના ખર્ચવાળુ બજેટ મંજુર કરવામાં આવ્યું છે.

આજે ગુજરાત યુનિવર્સિટીના સેનેટ હોલમાં યોજાયેલ સિન્ડીકેટની બેઠક અપેક્ષા મુજબ તોફાની બની રહી હતી. યુનિવર્સિટીના કુલપતિ દ્વારા લેવાયેલા મનસ્વી નિર્ણયોનો કેટલાક સિન્ડિકેટ સભ્યો દ્વારા વિરોધ કરવામાં આવ્યો હતો. જેના કારણે બેઠકમાં હોબાળો થયો હતો. જો કે બેઠકના અંતે ગુજરાત યુનિવર્સિટીનું વર્ષ ૨૦૧૩-૧૪નું રૂપિયા ૮૮ કરોડના ખર્ચવાળુ બજેટ મંજુર કરી લેવામાં આવ્યું હતું.

આ અંગે સિન્ડિકેટ સભ્ય હિમાંશુ પટેલે જણાવ્યું હતું કે, અનેક રજુઆત છતાં યુનિવર્સિટી પ્રશાસન દ્વારા છેલ્લા છ મહિનાથી સિન્ડિકેટની બેઠક બોલાવવામાં આવતી ન હતી. અંતે યુનિવર્સિટીનું બજેટ પાસ કરવા માટે સિન્ડિકેટ સભ્યોની મંજુરી જરૂરી હોવાથી સિન્ડિકેટની બેઠક બોલાવવાની ફરજ પડી હતી. જેમાં યુનિવર્સિટીનું વર્ષ ૨૦૧૩-૧૪નું રૂપિયા ૮૮ કરોડના ખર્ચ સાથેનું બજેટ બહુમતીથી મંજુર કરવામાં આવ્યું હતું.

જો કે સિન્ડિકેટ સભ્યોને અન્ય કોઈ રજુઆત કરવાની તક આપ્યા વિના બેઠક આટોપી લેવામાં આવી હતી. આ ઉપરાંત યુનિવર્સિટી સિન્ડિકેટની બેઠક શરૂ કરતાં પહેલાં ગવાતું યુનિવર્સિટીનું 'કૌશલ્ય' ગાન પણ વગર કોઈ કારણ કુલપતિ દ્વારા બંધ કરી દેવામાં આવ્યું હતું. જેને લઈ સિન્ડિકેટ સભ્યોમાં નારાજગી જોવા મળી હતી.

# સૌરાષ્ટ્ર, ઉત્તર, દક્ષિણ ગુજરાતમાં અનેક જગ્યાઓએ વરસાદ પડ્યો

### મોરબીના અણીયારી ગામે એક ઇંચ વરસાદ નોંધાયો : અમદાવાદના પણ કેટલાક વિસ્તારોમાં વરસાદ : જામનગરમાં મીની વાવાઝોડા બાદ તંત્ર સચેત

અમદાવાદ,તા. ૧૫

અમદાવાદ સહિત રાજ્યમાં એકાએક ફરી હવામાનમાં પલટો આવ્યો છે. કેટલાક ભાગોમાં વરસાદ પડ્યો છે. જેથી તાપમાનમાં ફરી ઘટાડો થયો છે. સૌરાષ્ટ્ર, દક્ષિણ ગુજરાત, ઉત્તર ગુજરાતના ઘણા ભાગોમાં વરસાદી ઝાપટા પડ્યા હતા. કેટલાક વિસ્તારોમાં વધુ વરસાદથી રસ્તા પર પાણી પણ ભરાઈ ગયા હતા. બનાસકાંઠામાં કરા પડ્યા હતા જ્યારે મોરબી જિલ્લાના માળિયામીયાણા પંથકમાં પણ કરા પડ્યા હોવાના અહેવાલ મળ્યા હતા. મોબરીના અણીયારી ગામમાં એક ઈંચ વરસાદ પડ્યો હતો. આજે રાજ્યમાં સૌથી ઓછુ તાપમાન નલિયામાં ૧૩.૭ ડિગ્રી નોધાયુ હતુ. લોકોએ ફરીથી ઠંડીનો અનુભવ કર્યો હતો.

સવારમાં લોકોને ફરી ઠંડીનો અનુભવ થયો હતો. દિવસમાં વાદળછાયા વાતાવરણના કારણે વરસાદી વાતાવરણ રહ્યું હતું. અમદાવાદમાં કેટલાક વિસ્તારમાં મોડી રાત્રે અને સવારે વરસાદના છાંટા પડ્યા હતા. બીજી બાજુ સૌરાષ્ટ્રમાં હવામાનમાં જોરદાર પલટો આવ્યો છે. મોરબીના અણીયારીમાં એક ઈંચ વરસાદ પડ્યો હોવાના અહેવાલ મળ્યા છે. હળવદમાં જોરદાર અને ખંભાળિયામા ગાજવીજ સાથે વરસાદ થયો હતો. કેટલીક જગ્યાએ રસ્તાઓ પર પાણી ભરાઈ ગયા હતા. મળેલી માહિતી મુજબ સોરાષ્ટરના કેટલાક ભાગોમાં વરસાદ થતા તાપમાન ઘટી ગયું છે. જામનગરમાં જોરદાર પવન ફુંકાયો હતો. મોરબી જિલ્લાના માળિયામીયાણા પંથકમાં કરા પડ્યા હોવાના પણ



અહેવાલ મળ્યા છે. સૌરાષ્ટ્ર ઉપરાંત ઉત્તર ગુજરાતમાં પણ ચિત્ર એકાએક બદલાઈ ગયું છે. હવામાન વિભાગ દ્વારા પહેલાથી જ એક બે જગ્યાએ વરસાદની આગાહી કરવામાં આવી હતી. અમદાવાદ શહેરમાં વરસાદી છાંટા પડવાના કારણે માર્ગો ખતરનાક બની ગયા હતા અને શહેરમાં સવારે નોકરી પર જતા અનેક લોકોના બાઈક સ્લીપ થઈ ગયા હતા. કેટલાકને ઈજા થઈ હતી. શહેરમાં લોકોને ફરી ગરમ વસ્ત્રો પહેરવાની ફરજ પડી રહી છે.અમદાવાદમાં સવારે એકાએક વરસાદી ઝાપટા પડ્યા હતા. જેથી લોકો કેટલીક જગ્યાએ અટવાઈ પણ પડ્યા હતા. રાત્રે કેટલાક વિસ્તારમાં કરા પણ પડ્યા હોવાના અહેવાલ મળ્યા છે.

છેલ્લા થોડાક દિવસથી ગરમીની શરૂઆત થિ હતી પરંતુ હવે ફરી એકવાર ઠંડીનો અનુભવ લોકો કીરી રહ્યા છે. વરસાદી ઝાપટાના કારણે હવે રોગચાળો ખતરનાક બની શકે છે. અમદાવાદમાં આજે મોટા પાયે લગ્નનું આયોજન કરવામાં આવ્યુ હતુ. પરંતુ હવામાનની અસર સ્પષ્ટપણે જોવા મળી હતી. કેટલાક વિસ્તારમાં લગ્નની મજા બગડી હતી. ટુવ્હીલર બ્રેક મારતા સ્લીપ થવાની ઘટનાઓ બની હતી. ઘણા લોકોને નાની-મોટી ઈજાઓ પણ થઈ હતી. હવામાનની આ સ્થિતિ આગામી દિવસોમાં રહે તેવી શક્યતા છે. અમદાવાદમાં લઘુતમ તાપમાન આવતીકાલે ૧૬ ડિગ્રીની આસપાસ રહી શકે છે. વરસાદી ઝાપટા પડવાની આગાહી પણ કરવામાં આવી છે. રાજ્યના અન્ય ભાગોમાં પણ વરસાદી ઝાપટા પડી શકે છે.

# પોલીટેકનિકમાં ભારે ગેરરીતિ આચરનાર બે વિદ્યાર્થી સસ્પેન્ડ

અમદાવાદ, તા.૧૫

અમદાવાદ પોલીટેકનીક કોલેજમાં ડીસેમ્બર મહીનામાં પરીક્ષા દરમિયાન ગેરનીતીના મામલે કોલેજે આજે પોતાનું કડક વલણ જાહેર કર્યુ હતું અને ગેરરીતિ આચરનાર બે વિદ્યાર્થીઓને સસ્પેન્ડ કરી દેવામાં આવ્યા છે. જ્યારે એક વિદ્યાર્થી ઉપર બે વર્ષ સુધી પરીક્ષા આપવાનો પ્રતિબંધ ફરમાવી દેવામાં આવ્યો છે.

અમદાવાદ પોલીટેકનીક કોલેજમાં ડીસેમ્બર મહીનામાં યોજાયેલ પરિક્ષાઓમાં એક વિદ્યાર્થી પરિક્ષા ખંડમાં મોબાઈલ સાથે ઝડપાયો હતો. એટલું જ નહીં તેને પરિક્ષા નિરીક્ષકે અટકાવતા બહારથી પોતાના સાગરીતોને બોલાવી અધ્યાપકોને ધાક ધમકી આપી હતી. જેના વિરોધમાં પોલીટેકનીક કોલેજના અધ્યાપકો વિદ્યાર્થીને બહાર કરવાની માંગ સાથે હડતાલ ઉપર ઉતરી ગયા હતા. અંતે પોલીટેકનીક વહીવટી તંત્રએ વિદ્યાર્થીઓ વિરૂદ્ધ કડક કાર્યવાહી કરવાની બાંહેધરી આપતાં હડતાલનો અંત આવ્યો હતો. જેમાં પોલીટેકનીક કોલેજ દ્વારા તપાસ બાદ દોષિત સાબિત થયેલા બે વિદ્યાર્થીઓને કાયમ માટે સસ્પેન્ડ કરી દેવામાં આવ્યા છે. જ્યારે અન્ય એક વિદ્યાર્થીને બે વર્ષ સુધી પરિક્ષા આપવા ઉપર પ્રતિબંધ મુકી દેવામાં આવ્યો છે. જેનાં પગલે પોલીટેકનીક કોલેજના અધ્યાપકોમાં આનંદની લાગણી ફેલાઈ ગઈ છે.

## સુરત પોલીસ કમિશ્નર કચેરીમાં એક વ્યક્તિનો આપઘાતનો પ્રયાસ

સુરત,તા. ૧૫

સુરત શહેર પોલીસ કમિશ્નર કચેરીમાં આજે સવોર ૧૧.૩૦ વાગ્યાના સુમારે એક વ્યક્તિએ આપઘાત કરવાનો પ્રયાસ કર્યો હતો. જેનાથી કચેરીમાં હાજર લોકોમાં નાસભાગ મચી ગઈ હતી અને ત્યાં હાજર પોલીસે તાત્કાલિક ૧૦૮ બોલાવી અને વ્યક્તિને સારવાર અર્થે હોસ્પિટલમાં ખસેડયો હતો.

બનાવની વિગત એવી છે કે સુરત શહેર પોલીસ કમિશ્નર કચેરીમાં આજે સવારે ૧૧.૩૦ વાગ્યાના સુમારે હાજી ઈસ્માઈલ નામના વ્યક્તિએ કેરોસીન છાંટી આગ ચાંપી આત્મહત્યા કરવાનો પ્રયાસ કર્યો હતો.

આ ઘટનાથી ત્યાં હાજર લોકોમાં નાસભાગ મચી ગઈ હતી. કમિશ્નર કચેરીમાં હાજર પોલીસે તાત્કાલિક ૧૦૮ને બોલાવી હતી અને આ વ્યક્તિને સારવાર અર્થે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. આ વ્યક્તિએ કમિશ્નર કચેરીમાં શા માટે આપઘાત કર્યો તેનું રહસ્ય હજી સુધી જાણવા મળ્યું નથી. પોલીસે આપઘાત કરવાનું રહસ્ય જાણવા પ્રયાસ હાથ ધર્યા છે.

### કેન્દ્રના આગામી બજેટમાં લોભામણી જાહેરાતો કરાશે

# લોકસભાની ચૂંટણી વર્ષના અંત પહેલા યોજાશે : એલ.કે. અડવાણી

ગાંધીનગર,તા. ૧૫

લોકસભામાંબજેટસત્રના પ્રારંભ પહેલા જ સંસદમાં ગુજરાતના પ્રશ્ને વાચા આપી શકાય તે માટે સાંસદોની બોલાવાયેલી બેઠકમાં ભાગ લેવા માટે ભાજપના રાષ્ટ્રીય અગ્રણી અને ગાંધીનગરના સાંસદ લાલકૃષ્ણ અડવાણી આજે અમદાવાદ એરપોર્ટ પર આવી પહોંચ્યા બાદ પત્રકારોને એવો સંકેત આપ્યોહતો. કે લોકસભા ચૂંટણી ૨૦૧૩ના અંત સુધીમાં જ યોજાવાની પૂરી શક્યતા છે.

યુપીએ સરકાર ભ્રષ્ટાચારથી ઘેરાઈ ગઈ છે. તેથી કેન્દ્રમાં હવે નવી સરકાર એનડીએની જ બનશે. એવો વિશ્વાસ વ્યક્ત કર્યો હતો.

અડવાણીએ લોકસભાની આગામી ચૂંટણી માટે ભાજપના કાર્યકર્તાઓને તૈયાર રહેવાની હાકલ કરતા કહ્યું હતું કે, કેન્દ્રની યુપીએ સરકારનું આગામી બજેટ લોભામણું હશે. લોકસભાની ચુંટણી વહેલી યોજવા માટે તખ્તો તૈયાર કરી દેવામાં આવ્યો છે. અને તેને ધ્યાનમાં રાખીને લોભામણી જાહેરાતો બજેટમાં કરવામાં આવશે એવી પૂરી શક્યતા છે. આમ તો ચાર રાજ્યોની ચૂંટણી પણ આવી રહી છે. ૨૦૧૩ના અંત સુધીમાં લોકસભાની ચૂંટણી યોજવામાં આવશે એવા એમના સંકેતો મળ્યા છે. કેન્દ્રની યુપીએ સરકાર રોજબરોજ પ્રકાશમાં આવતા અનેકવિધ કૌભાંડો અને ભ્રષ્ટાચારથી ઘેરાઈ ગઈ છે. યુપીએના સાથી પક્ષોમાં પણ નારાજગી ઉભી થયેલ જોવા મળે છે.

કોંગ્રેસે વહેલી ચૂંટણી યોજવાનો તખ્તો તૈયાર કરી દીધો છે. પણ આગામી લોકસભાની ચૂંટણી બાદ એનડીએની જ સરકાર બનશે એવો એમને પુરતો વિશ્વાસ છે. ભાજપ પણ આગામી લોકસભાની ચૂંટણી માટે સજ્જ બની ગયો છે. તેમણે ભાજપના કાર્યકર્તાઓને પણ ચૂંટણીને ધ્યાનમાં રાખીને લોકસંપર્ક વધારી દેવાની હાંકલ કરી હતી.

## શબ્દાવલી - ૪૯૮૦

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | | | ■ | ૩ | ૪ | ૫ |
| ૬ | | ■ | ■ | ૭ | | | |
| ૮ | | ૯ | | ■ | | ■ | ■ |
| | ■ | | ■ | ૧૦ | | ૧૧ | |
| ■ | ૧૨ | | | | ■ | | ■ |
| ૧૩ | | | ■ | ૧૪ | ૧૫ | ■ | ૧૬ |
| ■ | | ■ | ૧૭ | | | ■ | |
| ૧૮ | | | | ■ | ૧૯ | | |

### આડી ચાવી

૧. લાઈન લાઈન, આયુષ્યરેખા (૪)
૩. પ્રકાશ, અજવાળુ (૩)
૬. બલિ ચડાવવો, ... કરવો (૨)
૭. ઉકેલ (૪)
૮. કોઈ જાતની ચિંતા વગરના મસ્ત ફકીર (૪)
૧૦. દાળ-શાકમાં નખાતો એક મસાલો (૪)
૧૨. સવા, મુખવાસ (૪)
૧૩. મફત પીવાના પાણીની જગ્યા (૩)
૧૪. નોકર, ચાકર (૨)
૧૭. લોટ ચાળતા પાછળથી વધે તે (૩)
૧૮. મીઠું (૪)
૧૯. કહોવાણ, કહોવાયેલું (૩)

### ઊભી ચાવી

૧. જીવનાશક, પ્રાણઘાતક (૪)
૨. બુટની દોરી (૩)
૩. દુઃખણા, વારણા (૪)
૪. ઝવેરાત, પૈસા (૨)
૫. એક જાતના રેસામાંથી કોથળા બને (૨)
૯. જેનો કોઈ જવાબ નથી (૪)
૧૦. મુખવાસની દાળ (૪)
૧૧. જે બતાવો તે બધુ જ કામ કરી આપે તે કાલ્પનિક પાત્ર (૨)
૧૨. એક ચોપગુ પ્રાણી (૪)
૧૫. સબાકો (૩)
૧૬. પગથિયાવાળો કૂવો (૩)
૧૭. ખેતર ખેડવાથી થતો લાંબો આંકો (૨)

### શબ્દાવલી ૪૯૭૯ના જવાબ

**આડી ચાવી :-** (૧) સાવધાન (૩) બેબસી (૫) પડકાર (૭) જનાજો (૧૦) ફરક (૧૧) સમજણુ (૧૩) બોચી (૧૫) કામ (૧૬) બલુન (૧૭) રજકો (૧૯) હક (૨૦) પમરાટ (૨૨) તગારૂ (૨૩) જીણુ

**ઊભી ચાવી :-** (૧) સાવજ (૨) નથ (૩) બેકાર (૪) બટકબોલુ (૬) ડફણુ (૮) નાસજમ (૯) જોમ (૧૨) જક્કી (૧૪) ચીન (૧૫) કાર (૧૬) બટકણુ (૧૮) કોપરૂ (૧૯) હરાજી (૨૧) હાર

## સ્પર્ધકોને ૪૦૦ સુવર્ણ ચંદ્રકો એનાયત કરાયા

રમતગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ દ્વારા ગુજરાતના ગ્રામ્યસ્તરથી રાજ્યસ્તર સુધી ખેલ મહાકુંભ-૨૦૧૨નું આયોજન કરવામાં આવ્યું હતું. આ વિરાટ રમતગમતના મહોત્સવમાં ૪૦૦ ગોલ્ડ, ૪૦૦ સિલ્વર, ૪૭૪ બ્રોન્ઝ મેડલ મળીને કુલ ૧૨૭૪ મેડલ વિવિધ રમતોમાં ઝળહળતી સફળતા મેળવનાર રમતવીરોને એનાયત કરવામાં આવ્યા હતા. ૭૩ ગોલ્ડ, ૪૭ સીલ્વર અને ૬૦ બ્રોન્ઝ મેડલ મળીને કુલ ૧૮૦ મેડલ સાથે અમદાવાદ સીટી સમગ્ર રાજ્યમાં પ્રથમ સ્થાને રહ્યુ. જ્યારે ૭૮ ગોલ્ડ, ૪૭ સીલ્વર અને ૩૧ બ્રોન્ઝ મળીને ૧૫૬ મેડલ સાથે સુરત સીટી અને ૪૫ ગોલ્ડ, ૩૫ સીલ્વર અને ૩૪ બ્રોન્ઝ મેડલ મળીને કુલ ૧૧૪ મેડલ સાથે વડોદરા સીટી તૃતિય ક્રમે રહ્યુ છે.

## સરકારની પરવાનગી વીના કામદારોની ભરતી કરાઈ

ગુજરાત યુનિવર્સિટીમાં ૧૯૮૨થી ૨૦૧૦ સુધી અલગ-અલગ વર્ષમાં સરકારની મંજુરી વગર ૧૬૭ જેટલા કર્મચારીઓની નિયુક્તી કરવામાં આવી છે. આ કર્મચારીઓની નિયુક્તી જેતે તત્કાલીન કુલપતિઓ દ્વારા કરવામાં આવી હતી. જેમને પાંચમાં પગાર પંચ સુધી સરકારના ધારા-ધોરણો મુજબ પગાર ચુકવાતો હતો. જો કે છઠ્ઠા પગારપંચની ફાળવણી સમયે સરકારે કર્મચારીઓના નિયુક્તી પત્રો માંગતા સમગ્ર મામલે વિવાદ સર્જાયો હતો. અને સરકારે આ કર્મચારીઓને પગાર ચુકવવાની ના પાડી દીધી હતી. ત્યારબાદ યુનિવર્સિટીના કુલપતી દ્વારા યુનિવર્સિટીના ફંડમાંથી પગાર ચુકવવાની જાહેરાત કરાઈ હતી. જો કે આ કર્મચારીઓમાંથી આઠ કર્મચારીઓ નિવૃત્ત થઈ ચુક્યા છે. જેમને પેન્શન મુદ્દે સિન્ડેકેટની બેઠકમાં વિવાદ સર્જાયો હતો. કોંગ્રેસના સિન્ડીકેટ સભ્ય હિમાંશુ પટેલે જણાવ્યું હતું કે, કુલપતિએ સરકારની જાણ બહાર કર્મચારીઓની નિયુક્તી કરી હોવાથી સરકાર સમક્ષ આ કર્મચારીઓના વેતન મુદ્દે માંગ કરવી જોઈએ અને તેમાંથી જે આઠ કર્મચારીઓ નિવૃત્ત થયા છે તેમને પેન્શન, ગ્રેજ્યુએટી મળે તેવી વ્યવસ્થા કરવી જોઈએ. જો કે આ માંગને કુલપતિએ નકારતા યુનિવર્સિટીમાં ફરજ બજાવતા ૧૬૭ કર્મચારીઓ અને તેમનો પરીવાર કફોડી હાલતમાં મુકાઈ ગયો છે.

# હવે પ્રિ મેટ્રિક સ્કોલરશીપના ચુકાદાને અમલી કરવા માંગ

### અદાલતના ચુકાદાથી ગુજરાતના સંતુલિત વિકાસમાં મદદ મળશે : એક લાખથી વધુ વિદ્યાર્થીને ફાયદો થશે : કોંગ્રેસ

અમદાવાદ, તા.૧૫

વડાપ્રધાનના લઘુમતિ કલ્યાણના ૧૫ મુદ્દા કાર્યક્રમ અન્વયે લઘુમતિના બાળકોના સર્વાંગી વિકાસ માટે મેરીટક્રમ મીન્સ, પોસ્ટ મેટ્રીક સ્કોલરશીપ, પ્રિ મેટ્રીક સ્કોલરશીપ યોજના ઘડવામાં આવી હતી પણ કેન્દ્ર સરકાર દ્વારા ૧૦૦ ટકા પૂરી સહાયની પોસ્ટ મેટ્રીક અને મેરીટ-ક્રમ-મીન્સ યોજના ગુજરાતમાં અમલમાં મુકી પણ, પ્રી-મેટ્રીક સ્કોલરશીપ યોજના અમલમાં મુકી નહિ. ગુજરાત સરકારે લઘુમતિ સમાજના ગુજરાતના ૧ લાખ કરતા વધુ વિદ્યાર્થી-વિદ્યાર્થીનીઓને છેલ્લા ત્રણ વર્ષથી લાભ થી વંચિત રાખતા આ અંગે વારંવાર રજૂઆત કરવામાં આવી તેમ છતાં ગુજરાત સરકારે હકારાત્મક વલણ અપનાવ્યુ નહિ પરિણામે નામદાર વડી અદાલતમાં આ અંગે જાહેર હિતની અરજી કરવામાં આવી. જે અંગે બંધારણીય પ્રશ્નાર્થ અંગે વિસ્તૃત નિર્ણય માટે પાંચ ન્યાયમુર્તિ સમક્ષ આજ રોજ પ્રી-મેટ્રીક સ્કોલરશીપ બંધારણીય રીતે સુસંગત છે અને તેનો

લાભ લઘુમતિ સમાજના બાળકોને આપવો જોઈએ. તેવો આદેશ નામદાર વડી અદાલતે કર્યો. કેન્દ્ર સરકારની લઘુમતિ સમાજના બાળકો માટે પ્રિ-મેટ્રીક સ્કોલરશીપના નામદાર વડી અદાલત ના ચુકાદાને આવકારતા અખિલ ભારતીય કોંગ્રેસ સમિતિના સચિવશ્રી દિપક બાબરીયાએ જણાવ્યું હતું કે, નામદાર વડી અદાલતના ચુકાદાથી લઘુમતિ સમાજના બાળકો માટે તેમના હકકની કેન્દ્ર સરકારની સ્કોલરશીપનો લાભ મળતો થશે. પરિણામે ગુજરાતમાં લઘુમતિ સમાજના બાળકોમાં શિક્ષણનો વ્યાપ વધશે અને સાચા અર્થમાં ગુજરાતના સંતુલિત વિકાસ માટે આ ચુકાદો અસરકારક સાબિત થશે. કેન્દ્ર સરકારના લઘુમતિ કલ્યાણના ૧૫ મુદ્દાના કાર્યક્રમને ગુજરાતની સરકાર અસરકારક રીતે લાગુ કરે તો જ સાચા અર્થમાં પ્રજાલક્ષી સરકાર કહેવાય. લઘુમતિ સમાજના લાખો બાળકો માટે કેન્દ્રની પ્રિ-મેટ્રીક સ્કોલરશીપના લાભો વડી અદાલતના આદેશથી તાત્કાલિક અમલ કરવા કોંગ્રેસ પક્ષ માંગણી કરે છે.

## મહા માવઠું

● અનુસંધાન પહેલાનું ચાલુ

શહેરમાં મહત્તમ તાપમાન ૨૮ ડિગ્રી અને લઘુત્તમ તાપમાન ૧૭.૬ ડિગ્રી નોંધાયું હતું. જ્યારે ભેજનું પ્રમાણ સવારે ૯૫ ટકા અને સાંજે ૬૩ ટકા રહ્યું હતું. કમોસમી વરસાદના કારણે શહેરમાં જાણે હિલસ્ટેશન જેવુ ંલાગતું હતું. અભેરાઈ પર ચઢાવાઈ દેવાએલા ગરમ વસ્ત્રો ફરી પહેરવાની ફરજ પડી હતી. જો કે બપોર બાદ થોડોક તડકો નીકળ્યો હતો. ઘટાટોપ ઘેરાયેલા વાદળો ધીમે ધીમે વીખેરાવવા માંડ્યા હતા. પવનની ગતિ પણ એકદમ મંદ પડી ગઈ હતી. સવારે ઓફિસ જવાના સમયે વરસાદ ચાલુ હોવાથી ઘણા વસાહતીઓ રેઈનકોટ અને છત્રી લઈને નીકળ્યા હતા. શાળાઓમાં પણ ઘણા બાળકો રેઈનકોટ છત્રી લઈને પહોચ્યા હતા. એક જ દિવસમાં ઠંડી, ગરમી અને ચોમાસાની ઋતુનો અનુભવ થતા આરોગ્ય પર તેની અસરો થઈ શકે છે. છેલ્લા કેટલાક દિવસોથી વારંવાર ઋતુ બદલાતા શરદી, ખાંસી અને તાવના દર્દીઓ વધ્યા છે. ઋતુ પરિવર્તનનો ગાળો સ્વાસ્થ્ય પર ગંભીર અસરો થઈ રહી છે.

ગાંધીનગર સહિત રાજ્યભરમાં આકાશમાં વાદળો છવાયા હતા. તો પાટણ અને બનાસકાંઠા જિલ્લામાં અને ગિરિમથક સાપુતારામાં કમોસમી વરસાદ થયો હતો. દક્ષિણ ગુજરાતમાં ડાંગ સહિતના અનેક વિસ્તારોમાં કમોસમી વરસાદ થયો હતો. રાજકોટ જિલ્લાના મોરબી, માળિયા, વાંકાનેર પંથકમાં માવઠું વરસ્યું હતું. સુરેન્દ્રનગર જિલ્લાના હળવદ અને ધ્રાંગધ્રા પંથકમાં ઠેર-ઠેર ઝરમરિયો વરસાદ વરસ્યો હતો. આજે પડેલા માવઠાંને કારણે જીરૂ અને રાયડાના પાકને ભારે નુકસાન થવાની દહેશત વ્યક્ત થઈ રહી છે. માવઠું થતાં ખેડૂતોને મોઢામાં આવેલો કોળિયો ઝૂંટવાઈ જાય એવી સ્થિતિ સર્જાઈ છે. દક્ષિણ રાજસ્થાન સાથે ગુજરાના વાતાવરણમાં ગુરૂવારે અને શુક્રવારે સર્જાયેલા અપર એર સરક્યુલેશનની અસરને પગલે ઉત્તર ગુજરાત અને સૌરાષ્ટ્રના કેટલાક વિસ્તારોમાં છૂટાછવાયો વરસાદ પડ્યો હતો.

હવામાન વિભાગના આંકડા મુજબ દક્ષિણ, રાજસ્થાન અને ગુજરાતના વાતાવરણમાં ૦.૯ કિ.મી.ની ઝડપે અપર એર સરક્યુલેશન સર્જાયું હતું. જેને પગલે રાજ્યનાં વિવિધ શહેરોમાં વહેલી સવારથી જ વાતાવરણ વાદળછાયુ બની ગયુ ંહતું. વાદળિયા વાતાવરણમાં ભેજનુંપ્રમાણ ઘટતાંલોકોએ ગરમી સાથે બફારાનો અનુભવ કર્યોહતો. તો પાટણ અને બનાસકાંઠા જિલ્લાના કેટલાક ગામ શહેર અને ગિરિમથક સાપુતારામાં કમોસમી વરસાદ થયો હતો. દક્ષિણ ગુજરાતમાં ડાંગ સહિતના અનેક વિસ્તારોમાં કમોસમી વરસાદ થયોહતો.

ઠેર-ઠેર તેજ પવન સાથે ડમરી ઉડી હતી. મહા મહિનાના માવઠાથી ખેડૂતોના જીવ અધ્ધર થઈ ગયા હતા. બનાસકાંઠા જિલ્લામાં ગુરૂવારે સાંજના સુમારે વાતાવરણમાં એકાએક પલટો આવ્યો હતો. જ્યાં આકાશમાં વાદળો છવાઈ ગયાં હતા અને વીજળીના કડાકા અને ભડાકા તેમજ તેજ પવન સાથે કમોસમી વરસાદ તુટી પડ્યો હતો. બદલાયેલા વાતાવરણથી ખેતીના પાકોમાં નુકશાનની ભિતિથી ખેડૂતોના જીવ તાળવે ચોટ્યા છે.

એક દિવસ પહેલા રાજ્યનું સરેરાશ તાપમાન વધતા ઉનાળાના આગમનના એંધાણ વર્તાયા હતા. એમાં ગઈકાલે રાતથી અચાનક જ તાપમાન ઘટવા માંડ્યું હતું અને મોડી રાતથી જ વરસાદ પણ ચાલુ થયો હતો. રાજ્યના કેટલાક વિસ્તારોમાં તો છુટાછવાયા કરા પડવાના બનાવો નોંધાયા છે. હવે લગભગ આખુ રાજ્ય પલટતા હવામાનની ઝપટમાં આવી ગયું છે. અમદાવાદ ગાંધીનગરના કેટલાક વિસ્તારોમાં તો ચોમાસા જેવા વરસાદ પડી રહ્યો છે.

ઘરની બહાર નીકળતી વખતે લોકોને સાથે રેઈનકોટ રાખવો કે ઠંડીથી બચવા સ્વેટર પહેરવા એ મુંઝવણ થઈ ગઈ હતી.

## વાહનો સ્લીપ થયા

● અનુસંધાન પહેલાનું ચાલુ

રસ્તા પર ટુ વ્હીલર વાહન સ્લીપ થઈ જતાં વાહન ચાલકોને નાની મોટી ઈજાઓ પહોંચી હતી. શહેરમાં બાઈક સ્લીપ થવાના સાતથી આઠ કિસ્સા બનવા પામ્યા હતા. વધુમાં બાઈક સ્લીપ થઈને ઈજા પહોંચેલા બાઈક ચાલકોને જોઈને અન્ય ધુમ સ્ટાઈલે બાઈક દોડાવતા કોલેજીયનોએ પોતાની બાઈકની ગતિ ધીમી કરી દીધી હતી અને સાવચેતીપૂર્વક ચલાવતા નજરે પડયા હતા.

## વિલન બન્યું

● અનુસંધાન પહેલાનું ચાલુ

આજે વસંતપંચમીનો દિવસ હોવાથી વણજોયું મુહુર્ત હોવાથી સમુહલગ્નો સહિત ઘણા બધા સ્થળોએ લગ્નસમારંભો યોજવામાં આવ્યા હતા. સવારના સમયે જ લગ્નોનું આયોજન હોઈ તૈયારીઓ રાતથી જ ચાલતી હતી. ભોજન સમારંભોના રસોડા ઘણા સ્થળે ચાલતા હતા. રાતથી જ આકાશમાં વાદળો ઘેરાતા રસોડાનું સ્થળ બદલવાની ફરજ પડી હતી. આ ઉપરાંત જે પાર્ટી પ્લોટ, લગ્ન વાડીઓમાં ખુલ્લામાં લગ્નો યોજાયા હતા ત્યાં પણ વરસાદથી રક્ષણ માટે શેડ બાંધવાની જરુરીયાત ઉભી થઈ હતી. વરઘોડાઓનો સમય બદલવો પડયો હતો. વરસાદ બંધ થયો તે પછી વરઘોડાઓ નીકળ્યા હતા તો કેટલાક આયોજકોએ તો વરઘોડાઓનું આયોજન જ રદ કર્યુ હતું. લગ્નના સમયમાં પણ ફેરફાર કરવાની જરુર પડી હતી. જે લગ્નો સવારે થવાના હતા તે બપોર પછી વરસાદ રોકાઈ ગયા બાદ થયા હતા. અણધાર્યા માવઠાએ લગ્નનો રંગ બગાડી દીધો હતો.

**ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ**
**જાહેર નિવિદા નં. ૧૦ સને ૨૦૧૨-૧૩**

કાર્યપાલક ઈજનેરશ્રી જાહેર આરોગ્ય બાંધકામ વિભાગ આકાર કોમ્પલેક્ષ, શામળાજી રોડ, મોડાસા ફોન નં. ૦૨૭૭૪-૨૪૭૨૯૩ દ્વારા નીચેના કામના ટેન્ડર ઈ-ટેન્ડરીંગ પદ્ધતિથી માંગવામાં આવે છે. (૧) કામનું નામ : (૧) ગાબટ-સાઠંબા જુથ પા.પુ. યોજના તા. બાયડ અંતર્ગત ખાસ મરામત કાર્યક્રમ હેઠળ ૫૦૦ એમ.એમ. વ્યાસની ડી.આઈ. પાઈપ લાઈન નાખવાના કામ I.D. No. ૧૦૭૮૫૮ અંદાજીત કિંમત રૂ. ૨૮૩૧૦૨૪.૦૦ છે. (૨) મેશ્વો જુથ પા.પુ. યોજના તા. ભિલોડા અંતર્ગત સમાવિષ્ટ ગામોને પીવાનું પાણી પુરુ પાડવાના કામ I.D. No. ૧૦૭૮૫૩ અંદાજીત કિંમત રૂ. ૧૧૨૦૪૧૨.૫૦ છે (૨) કોન્ટ્રાક્ટર માટેની પાત્રતા :- (૧) 'ઈ-૧' વર્ગ અને ઉપરના (૨) 'ઈ-૨' અને ઉપરના (૩) ટેન્ડર ઓનલાઈન રજૂ કરવાની છેલ્લી તા. ૨૬/૨/૨૦૧૩ના રોજ સાંજના ૧૮.૦૦ કલાક સુધી ટેન્ડર અંગેની વધુ માહિતી વેબસાઈટ www.gwssb.org તથા http//gwssb.nprocure.com, www.statetenders.com ઉપર મુકવામાં આવેલ છે. વિસ્તૃત વિગતો કચેરી સમય દરમિયાન ઉપરોક્ત કચેરી પાસેથી મેળવી શકાશે.

ક્રમાંક ના.માનિ/હિંમત/૪૭૩/૨૦૧૩